સુવિચાર : પુસ્તક તો લેખકનું લાડકવાયું સંતાન છે, એને પ્રેમથી રમાડતાં શીખો... - મોરારિ બાપુ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૬૧ | ૨ ડિસેમ્બર, ૨૦૧૫, બુધવાર ; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વ્યાજદર યથાવત : EMIમાં કોઈ રાહત નહિ

## રેપોરેટ ૬.૭૫ ટકા અને સીઆરઆર ૪ ટકાના દરે યથાવત : આરબીઆઈની પાંચમી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવી : ૨૦૧૫-૧૬માં જીડીપી ગ્રોથ રેટ ૭.૪ ટકા રહેવાની આગાહી

નવી દિલ્હી,તા.૧

રીઝર્વ બેકે તેની દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા આજે ધારણા પ્રમાણે જ તમામ ચાવીરૂપ પોલીસી રેટમાં કોઈ ફેરફાર કર્યા ન હતા. રેપો રેટને યથાવત ૬.૭૫ ટકાના દરે અને સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આરબીઆઈએ કહ્યુ છે કે પોઝિટીવ ડેટા પ્રિન્ટ્સના આધાર પર પોલીસીમાં વધારે ફેરફાર કરવામાં આવનાર છે. આરબીઆઈએ જીડીપી આગાહીના ૭.૪ ટકાના અંદાજમાં પણ કોઈ ફેરફાર કર્યો નથી. પોલીસી સમીક્ષા જારી કરતા આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને કહ્યુ હતુ કે તે વધુ પોલીસી ફેરફાર અંગે કોઈ દિશામા આગળ વધતા પહેલા સાતમા વેતન પંચની ફુગાવા પર અસર અંગે ધ્યાન આપશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ અગાઉ ૨૯મી સપ્ટેમ્બરના દિવસે ભારે અપેક્ષા વચ્ચે તેની દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. જેમાં રીઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજને અપેક્ષા કરતા પણ વધારે ૫૦ બેઝિક પોઈન્ટનો ચાવીરૂપ રેપો રેટમાં ઘટાડો કરીને તમામને ચોંકાવી દીધા હતા. આની સાથે જ રેપો રેટ ઘટીને ૬.૭૫ ટકા થઈ ગયો હતો. રેપોરેટ સાડા ચાર વર્ષની નીચી સપાટીએ રહ્યો છે. રિવર્સ રેપોરેટ ૫.૭૫ ટકા, એમએસએફ ૭.૭૫ ટકા, બેંકરેટ ૭.૭૫ ટકા થયો છે. નાણાકીય નીતિ સમીક્ષા નિવેદન જારી કરતાં રાજને કહ્યું હતું કે, અમારી છેલ્લી પોલીસી સમીક્ષા બાદથી સ્થિતિમાં સુધારો થયો છે. વિકાસને પ્રોત્સાહન આપવા માટે પગલા લેવાઈ રહ્યા છે. હવે મુખ્ય ધ્યાન વર્ષ ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષના અંત સુધી ફુગાવાને ઘટાડીને ૫ ટકા સુધી લાવવાનો છે.

## ૧૨ મહિનામાં ૧ ટકા સુધી ઘટાડો થઈ શકે છે : રિપોર્ટ

નવી દિલ્હી, તા. ૧

આરબીઆઈની આજે પાંચમી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવી હતી. જેમાં આરબીઆઈએ કેટલાક પગલાનો સંકેત આપ્યો હતો. આરબીઆઈએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, અર્થતંત્ર રિકવરીના શરૂઆતી તબક્કામાં છે.નબળાઈ હજુ પણ જોવા મળી રહી છે. પરંતુ સ્થિતિમાં સુધારો થશે. રિટેલ ફુગાવો જાન્યુઆરી સુધી ૬ ટકા સુધી અને માર્ચ ૨૦૧૭ સુધી ૫ ટકા સુધી પહોંચી જશે. ફુગાવાને અંકુશમાં લેવાના પ્રયાસો જારી રાખવામાં આવશે. સાથે-સાથે નિષ્ણાંતોએ પણ પોત પોતાની રીતે પ્રતિક્રિયા આપી છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, ૧૨ મહિનામાં ૧ ટકા સુધીનો ઘટાડો વ્યાજદરમાં કરવામાં આવી શકે છે. આરબીઆઈએ હાલમાં વ્યાજદરમાં કોઈ સુધારો કર્યો નથી. પરંતુ ૧૨ મહિનામાં એક ટકા સુધીનો ઘટાડો કરવામાં અઆવી શકે છે.

નિષ્ણાંતોનું કહેવું છે કે, વ્યાજદરમાં ઘટાડો થવાથી મોટી રાહત થશે. કારણકે, દેવામાં ડુબેલી મોટી કંપનીઓને ફાયદો થશે. વ્યાજદરમાં કાપથી લોકોને રાહત મળે તેવા પ્રયાસ પણ કરાઈ રહ્યા છે.

# મોદી અસહિષ્ણુતાનો સૌથી વધુ શિકાર બન્યા છે : રાજનાથ

નવી દિલ્હી, તા.૧

લોકસભામાં અસહિષ્ણુતા પર વિપક્ષના આકરા પ્રહારોની સામે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે સરકાર તરફથી મોરચા સંભાળ્યા હતા. રાજનાથસિંહે અસહિષ્ણુતા ઉપર જારી ચર્ચાનો જવાબ આપતા કહ્યું હતું કે, દેશમાં અસહિષ્ણુતાનો કોઈ શિકાર સૌથી વધુ છે તો તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, અસહિષ્ણુતાના શિકાર ત્રણ વખત વિભાજન, ઈમરજન્સી અને શિખ વિરોધી રમખાણ દરમિયાન લોકો થયા હતા. રાજનાથસિંહના જવાબથી અસંતુષ્ઠ સભ્યોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ભારતમાં અસહિષ્ણુતાનો શિકાર કોઈ પાર્ટી રહી છે તો તે ભાજપ છે. રાજનીતિમાં જો સૌથી વધારે કોઈ શિકાર થયા છે તો નરેન્દ્ર મોદી છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, અસહિષ્ણુતાની ત્રણ મોટી ઘટનાઓ થઈ છે. જેમાં એક દેશમાં વિભાજન, જ્યારે બીજી દેશમાં ઈમરજન્સી અને ત્રીજી સિખ વિરોધી રમખાણની ઘટના છે.

# આવો, સાથે મળી દેશનો વિકાસ કરીએ

## તૂ તૂ મેં મેંથી નહીં, સાથે મળીને ભારતને આગળ વધારી શકાશે અસહિષ્ણુતાની ચર્ચા વચ્ચે મોદીએ આક્રમક નિવેદન કર્યું

નવી દિલ્હી, તા.૧

સંસદમાં અસહિષ્ણુતા ઉપર જારી ચર્ચામાં ભાગ લેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, અમને લોકોને એક મત રાખવા તથા એકતા તથા સદ્‌ભાવ જાળવી રાખવાના કારણે શોધી કાઢવાની જરૂર છે. રાજ્યસભામાં મોદીએ કહ્યું હતું કે, અમારા બંધારણ માત્ર કાનુનના જ સંદર્ભમાં નથી, બલ્કે સામાજીક દસ્તાવેજ પણ છે. અમે અમારા બંધારણમાં આ પાસાઓની પ્રશંસા કરીએ છીએ. મોદીએ એમપણ કહ્યું હતું કે, તુ તુ મેં મેંથી નહીં બલ્કે સાથે મળીને દેશ ચાલશે. અમને અમારા યુવાનોને બંધારણના સંદર્ભમાં શિક્ષીત કરવાની જરૂર છે. બંધારણ જ એકમાત્ર રસ્તો છે જે ખરાબ સમયમાં માર્ગદર્શન આપે છે. તેમણે કહ્યું હતું કે, જે લોકોએ બંધારણની રચના કરી હતી તે લોકો કોંગ્રેસ સાથે જોડાયેલા હતા. આને સકારાત્મક રીતે જોવાની જરૂર છે. વિભાજિત થવાના ઘણા કારણ હોઈ શકે છે પરંતુ એક થવા માટે ઘણા કારણ શોધવા પડશે. મોદીએ કહ્યું હતું કે, તેઓ એક ભારત શ્રેષ્ઠ ભારત અંગે વિચારી રહ્યા છે. ડોક્ટર ભીમરાવ આંબેડકરે એકવખતે કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

# આજે સ્થાનિક સ્વરાજ્યની મતગણતરી

## રાજ્યમાં ૬ મહાનગરપાલિકાઓ સહિત ૫૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા, ૨૩૦ તાલુકા પંચાયતની ચુંટણીમાં મેદાનમાં રહેલા બધા ઉમેદવારોના ભાવિનો ફેંસલો

અમદાવાદ, તા. ૦૧

૫૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા અને ૨૩૦ તાલુકા પંચાયતની ચુંટણીના પરિણામો આવતીકાલે હવે જાહેર થનાર છે. કોણ ક્યાં બાજી મારશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો આવતીકાલે અંત આવી જશે. ૨૯મી નવેમ્બરના દિવસે યોજાયેલા મતદાન બાદથી ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી હતી. આવતીકાલે ૫૬ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૦ તાલુકા પંચાયતની યોજાયા બાદ મત ગણતરી યોજાશે. મત ગણતરી કેન્દ્રો ઉપર તમામ સુવિધા ગોઠવી દેવામાં આવી છે. અધિકારીઓને પણ તૈયાર કરી લેવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, નગરપાલિકામાં ૫૬.૮૯ ટકા, જિલ્લા પંચાયતમાં ૫૮.૦૨ ટકા અને તાલુકા પંચાયતમાં ૫૯.૪૧ ટકા જેટલું ઊંચુ મતદાન થયું હતું જેથી આ મતદાન કોની તરફેણમાં થયું હતું તે અંગેની અટકળોનો આવતીકાલે અંત આવશે. મોટાભાગે ભાજપનું વર્ષ ૨૦૧૦માં વર્ચસ્વ રહ્યું હતું. પરંતુ આ વખતે પાટીદાર સમુદાયના આંદોલન અને શાસનવિરોધી પરિબળ જેવા પરિબળોના પરિણામ સ્વરૂપે ભાજપને મોટો ફટકો પડે તેમ માનવામાં આવે છે. બીજીબાજુ કોંગ્રેસે આ વખતે તમામ તાકાત લગાવીને પાટીદાર સમુદાયને પોતાની તરફેણમાં કરવા માટે જિલ્લા અને તાલુકા પંચાયતમાં તમામ પ્રયાસ કર્યા હતા. ૨૯મીના દિવસે મતદાન

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં ખરી ગંદકી ગલીઓમાં નહીં પરંતુ મનમાં : પ્રણવ મુખર્જી

## સમાજની માનસિકતા બદલવાની અનિચ્છા પણ દેખાઈ આવે છે : રાષ્ટ્રપતિ ગાંધી આશ્રમમાં પહોંચ્યા : છોડનું વાવેતર કર્યું

અમદાવાદ, તા.૧

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે કહ્યું હતું કે, ભારતમાં ખરી ગંદકી આપણી ગલીઓમાં નહીં પરંતુ આપણા મનમાં છે અને તેમનું અને આપણું શુદ્ધ અને અશુદ્ધ જેવા ભેદભાવથી વિભાજિત કરતા સમાજની માનસિકતાને બદલવાની અનિચ્છા રહેલી છે. ગુજરાતમાં અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમ ખાતે નવા આર્કાઈવ્ઝ એન્ડ રિસર્ચ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ઉપરાંત તેમણે સાબરમતી આશ્રમમાં એક છોડનું વાવેતર પણ કર્યું હતું. આશ્રમ દ્વારા રાષ્ટ્રપતિને સુરતની આંટી ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ ઓ.પી.કોહલી અને ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રપતિ શ્રીએ જણાવ્યું હતું કે, આપણે એવા સમયમાં જીવીએ છીએ, જ્યારે ગાંધીજીની અગાઉ ક્યારેય ન હતી એટલી જરૂર છે. તેમનાં શબ્દો અને સંદેશ ફેલાવવા માટે અગાઉ ક્યારેય ન હતી એટલી જવાબદારી અત્યારે આપણા ખભા ઉપર છે. ગાંધીજી માત્ર આપણા રાષ્ટ્ર પિતા ન હતાં, જે માપદંડથી આપણા

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં છેલ્લી ચૂંટણી કરતા ૪.૭૬ ટકા વધુ મતદાન

## તમામ ચુંટણીમાં એકંદરે ૬૭.૯ ટકા મતદાન : મતદાન ઓછું રહેશે તેવી નિષ્ણાંતોની અપેક્ષા ખોટી રહી

અમદાવાદ,તા. ૧

૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત અને ૫૬ નગરપાલિકાની ચુંટણી માટે એકંદરે ૬૭.૯ ટકા મતદાન થયું હતું જે વર્ષ ૨૦૧૦માં યોજાયેલી ચુંટણીની સરખામણીમાં ૪.૭૬ ટકા વધારે છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ મતદાન નોંધાયું છે.દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૭૩.૭૪ ટકા મતદાન નોંધાયું હતું જે રેકોર્ડ મતદાન છે. પાટીદાર અનામત આંદોલનના મુખ્ય કેન્દ્ર ગણાતા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ ક્રમશઃ ૭૦.૧૬ અને ૬૭.૧૫ ટકા મતદાન થયું હતું. આ બન્ને પ્રદેશોમાં વર્ષ ૨૦૧૦માં થયેલા મતદાનની સરખામણીમાં ક્રમશઃ ૫.૯૬ ટકા અને ૬.૨૮ ટકા જેટલું વધારે મતદાન થયું છે. મોરબી જ્યાં પાટીદાર અનામત આંદોલનનું કેન્દ્ર રહ્યું હતું ત્યાં પણ સૌથી વધુ મતદાન થયું છે. નર્મદા અને તાપી જિલ્લામાં ઉલ્લેખનીય સ્થિતિ રહી છે. બોડીવાઈઝ મતદાનની વાત કરવામાં આવે તો જિલ્લા પંચાયતમાં ૬૮.૯૮ ટકા, જ્યારે તાલુકા પંચાયતમાં ૬૮.૮ ટકા મતદાન થયું હતું. નગરપાલિકામાં ૬૨.૭૭ ટકા મતદાન થયું હતું. દક્ષિણ ગુજરાતની વાત કરવામાં આવે તો મતદાનની ટકાવારી વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં ખૂબ વધારે રહી છે. લોએસ્ટ ટર્નઆઉટની વાત કરવામાં આવે તો છોટાઉદેપુરમાં ૪૫.૪૯ ટકા જેટલું મતદાન થયું હતું. જ્યારે હાઈએસ્ટ ટર્નઆઉટ નર્મદામાં ૮૧.૨૯ ટકા રહ્યું હતું. વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૫માં આંકડાકીય સરખામણી કરવામાં આવે તો એકંદરે ૪.૭૬ ટકા વધારે મતદાન આ વખતે થયું છે જે અપેક્ષા કરતા વધારે છે. મતદાન પહેલા એમ માનવામાં આવી રહ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલનના કારણે આ વખતે ઓછું મતદાન થશે. પરંતુ આવી અપેક્ષા ખોટી સાબિત થઈ છે. તાપીમાં ૭૪.૭૧ ટકા મતદાન થયું હતું. જે સાબિત કરે છે કે પાટીદાર આંદોલન હોવા છતાં આની ઓછી અસર દેખાઈ હતી અને મોટાપાયે મતદાન થયું હતું. જોકે, આ મતદાનને લઈને ભારે સસ્પેન્સ છે.

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
● ગુજરાતી થાળી ● મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
● કાફે (24x7) ● બેન્કવેટ્સ ● રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area ● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અદ્યતન કીચન તથા વોશ એરિયા ● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા ● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

Raval institute
Master Mind Maths
Semister-2
Std : 8-9-10
Sub : Maths - Science
Fees : Rs. 5000/-
''ગણિત તો રાવલ સરનું જ''
Branch - 1 : Sec-22
Branch - 2 : Sec-2
Bhavik Raval
M - 72848 22342